| | |
|---|---|
| રજુ તારીખ | ૦૩/૦૩/૨૦૨૩ |
| દાખલ તારીખ | ૦૩/૦૩/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૯/૦૪/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : ૦૧ માસ: ૦૧ દિન: ૨૬ |

**મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી કે. એન. સરવૈયા સાહેબ સમક્ષ**

રેફરન્સ (ટી) નં. : ૯૯/૨૦૨૩
આંક–૧૪

<u>**પ્રથમ પક્ષકાર**</u> **:૧)** **ચેકમેટ ઈન્ડસ્ટ્રીયલ સર્વિસ પ્રા. લી.**
**સી/ઓ. ટાટા ફિકાસો ઓટોમેટીવ સીસ્ટમ પ્રા.લી**
હે. પ્લોટ નં. ઈ–૨૫૬, મેઈન રોડ – ૧૭,
ક્રોસ રોડ નં. ૩૪, જીઆઈડીસી – ૨,
મુ. તા. સાણંદ, જી. અમદાવાદ.

૨) **ટાટા ફિકાસો ઓટોમેટીવ સીસ્ટમ પ્રા.લી.**
હે. પ્લોટ નં. ઈ–૨૫૬, મેઈન રોડ – ૧૭,
ક્રોસ રોડ નં. ૩૪, જીઆઈડીસી – ૨,
મુ.તા. સાણંદ, જી. અમદાવાદ.

**: <u>વિ રૂ ઘ્ઘ</u> :**

<u>**બીજા પક્ષકાર**</u> **:** **શ્રી મનુભાઈ રામજીભાઈ રાવળ**
હે. મુ. કલ્યાણપુરા, તા. કડી, જી. મહેસાણા
**સી/ઓ. અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ**
રજો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૧

પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે : ગેરહાજર
પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર.શ્રી એમ.એચ.સંઘરીચાત.

**<u>–: એ વો ર્ડ :–</u>**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા. ૨૭–૦૨–૨૦૨૩ ના ક્રમાંક: નાશ્રઆ /અવિ /વિભાગ–૪ /આઈડીઆર નં. ૯૮૮ /૨૦૨૨ /૬૨૮૫ ના પત્રથી બીજા

પક્ષકારે નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી અનુસુચિ મુજબ હાલનો કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરેલ છે.

**અનુસૂચિ :–** શ્રી મનુભાઈ રામજીભાઈ રાવળ ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) પક્ષકારોને નોટીસ કાઢતા અરજદાર/ કામદાર/ બીજા પક્ષકારે આંક–૬ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં વિગત એવી છે કે, અરજદાર સામાવાળા નં.ર ના કહેવાતા કોન્ટ્રાકટર સામાવાળા નં. ૧ માં તા.૦૧–૦૪–૨૦૧૮ થી સીકયુરીટી ખાતામાં સીકયુરીટી ગાર્ડ ના હોદ્દા ઉપર અમારી ફરજો સં પુર્ણ

ખંત અને વફાદારીપૂર્વક બજાવતા હતા અને તેઓને માસિક રૂ. ૧૪,૦૦૦/– (અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) લેખે પગાર ચુકવવામાં આવતો હતો અને તેઓને નોકરી દરમિયાન નોટીસ કે ઠપકો મળેલ ન હતો અને કાયમી જગ્યાએ કાયમી પ્રકારની ફરજો બજાવતાં હતાં. અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરવાની માંગણી વારંવાર કોન્ટ્રાકટર અને સંસ્થા પાસે કરેલ તેમ છતા સીકયુરીટી ફીલ્ડ ઓફીસર શ્રી સિધ્ધરાજ ભાટીયા ઘ્વારા તેઓને તા. ૨૭–૦૯–૨૦૨૨ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે મૌખિક હુકમથી નોકરી પરથી છુટા કરેલ છે અને અરજદારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે કામ કરેલ. અરજદાર ઘ્વારા નોકરી મેળવવા બીજી જગ્યાએ પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નહી અને હાલમાં બેકાર છે. જેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરુધ્ધનું હોય અને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય જેથી રદ ઠરાવી બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરી બાકી પગાર ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે અને ખર્ચના રૂ. ૫૦,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે અને આંક ૦૭ થી દસ્તાવેજ નુ લીસ્ટ રજુ કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારને નોટીસ આંક ૩ મુજબ બજવા છતા તેઓ જાતે કે તેમના વકીલ મારફતે હાજર થયેલા ન હોય આંક– ૮ થી જવાબ રજુ કરવાનો હકક બંઘ કરવામાં આવેલ છે.

(૪) આ કામમાં બંને પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**બીજા પક્ષકાર તરફે મૌખિક પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર શ્રી મનુભાઈ રામજીભાઈ રાવળનું સોગંદનામુ | આંક–૦૯ |

**બીજા પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવા :–**

| | | |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે આપેલ આઈ કાર્ડ | માર્ક– ૧૦/૧ |

| | | |
|---|---|---|
| ૨ | બીજા પક્ષકાર ને પ્રથમ પક્ષકારે આપેલ સર્ટીફીકેટ | માર્ક– ૧૦/૨ |

સદર કામે પ્રથમ પક્ષકાર તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**(૫)** સદર કામે બીજા પક્ષકાર રજુ થયેલ સોગંદનામાની ઉલટતપાસ માટે પ્રથમ પક્ષકાર તરફે હાજર રહેલ ન હોય આંક–૧૧ થી પ્રથમ પક્ષકારનો કામદારની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ કામદાર તરફે આંક– ૧૨ થી કલોઝીંગ પુરસીશ રજુ થયેલ. સદર કામ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર હાજર રહેતા ન હોય તે પુરાવા રજુ કરતા ન હોય જેથી પુરાવાનો હકક બંધ કરવા આંક ૧૩ થી અરજી આપેલ જે મંજુર થયેલ.ત્યારબાદ સદર કામ દલીલ માટે અરજદાર તરફે મૌખિક દલીલો સાંભળી જયારે પ્રથમ પક્ષકાર તરફે દલીલો માટે કોઈ હાજર રહેલ ન હોય દલીલો કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

**(૬)** હાલનાં કામે અરજદાર તરફે રજુ થયેલ માંગણા નિવેદન તથા રજુ થયેલ મૌખિક પુરાવો તથા કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતા રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>––:: મુદ્દાઓ ::––</u>**

**(૧)** શું આ કામનાં અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

**(૨)** શું આ કામનાં અરજદાર તેઓની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવાની દાદ કે અન્ય કોઈ દાદ મેળવવા હક્કદાર છે ?

**(૩)** શું હુકમ ?

**–: નિર્ણયો :–**

(૧) હકારમાં

(૨) અંશત: હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૭)** મુદ્દા નં.૧ સાબીત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. બીજા પક્ષકારે આંક– ૩ થી રજુ કરેલ માંગણાનાં નિવેદનની હકીકત સાબીત કરવા માટે આંક–૯ થી સોગંદ ઉપર મૌખિક પુરાવો આપેલ

છે જે પુરાવામાં બીજા પક્ષકારે જણાવેલ છે કે અરજદાર સામાવાળા નં.ર ના કહેવાતા કોન્ટ્રાકટર સામાવાળા નં. ૧ માં તા.૦૧–૦૪–૨૦૧૮ થી સીકયુરીટી ખાતામાં સીકયુરીટી ગાર્ડ ના હોદ્દા ઉપર અમારી ફરજો સંપુર્ણ ખંત અને વફાદારીપૂર્વક બજાવતા હતા અને તેઓને માસિક રૂા. ૧૪,૦૦૦/– (અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) લેખે પગાર ચુકવવામાં આવતો હતો અને તેઓને નોકરી દરમિયાન નોટીસ કે ઠપકો મળેલ ન હતો અને કાયમી જગ્યાએ કાયમી પ્રકારની ફરજો બજાવતાં હતાં. અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરવાની માંગણી વારંવાર કોન્ટ્રાકટર અને સંસ્થા પાસે કરેલ તેમ છતા સીકયુરીટી ફીલ્ડ ઓફીસર શ્રી સિધ્ધરાજ ભાટીયા ધ્વારા તેઓને તા. ૨૭–૦૯–૨૦૨૨ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે મૌખિક હુકમથી નોકરી પરથી છુટા કરેલ છે અને અરજદારે દરેક વર્ષમાં ર૪૦ દિવસ કરતા વધારે કામ કરેલ. અરજદાર ધ્વારા નોકરી મેળવવા બીજી જગ્યાએ પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નહી અને હાલમાં બેકાર છે. જેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરુધ્ધનું હોય અને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય જેથી રદ ઠરાવી બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરી બાકી પગાર ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે અને ખર્ચના રૂા. ૫૦,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે સામાવાળા તરફે કોઈ હાજર થયેલ નથી કે બચાવ કરેલ નથી અને બીજા પક્ષકારની સોગંદ ઉપરની જુબાની રજુ થયા બાદ પ્રથમ પક્ષકાર ઉલટતપાસ માટે હાજર રહેલા નથી અને બીજા પક્ષકારની ઉલટતપાસ કરી જે હકીકત બીજા પક્ષકારે જણાવેલ છે તેનાથી વિરુધ્ધની હકીકત પ્રથમ પક્ષકાર રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. પ્રથમ પક્ષકાર તરફે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવા પણ રજુ કરવામાં આવેલ નથી, તેવા સંજોગોમાં બીજા પક્ષકારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ હકીકતને ન માનવાને કોઈ કારણ નથી. બીજા પક્ષકાર ધ્વારા માર્ક ૧૦/૧ થી રજુ કરેલ આઈ કાર્ડ તથા માર્ક ૧૦/ર થી રજુ કરેલ પ્રમાણપત્ર જોતા તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરતા હોવાનું ફલીત થાય છે. આમ, બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર–માલીકના સંબંધો હોવાનુ અને તેઓએ પ્રત્યેક વર્ષમાં ર૪૦ દિવસથી વધુ દિવસ ફરજ બજાવેલ હોવાની હકીકતથી વિરુધ્ધની હકીકત તથા બીજા પક્ષકારને નોકરીમાંથી કાઢી મુકતા પહેલા પ્રથમ પક્ષકારે કલમ ર૫–એફની જોગવાઈનુ પાલન કરેલ હોય તે અંગે પ્રથમ પક્ષકારનાએ કોઈ પુરાવા રજુ કરેલ નથી. બીજા પક્ષકારને તા. ૨૭–૦૯–૨૦૨૨ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોય તે સમયે તેને કોઈ નોટીસ આપેલ હોય, નોટીસ પગાર આપેલ હોય, છટણી વળતર ચુકવેલ હોય કે તેમની સામે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોય તેવા કોઈ પુરાવા પણ પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, પ્રથમ પક્ષકારનાએ બીજા પક્ષકારને નોકરીમાંથી મૌખિક હુકમ કરી છુટા કરવાનું કરેલ કૃત્ય ગેરકાયદેસર હોય, બીજા પક્ષકારે પડેલા

દિવસોના પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા દાદ માંગેલ છે. જયારે પ્રથમ પક્ષકાર ધ્વારા જવાબ રજુ થયેલ નથી કે બીજા પક્ષકાર તરફે આંક–૯ થી પોતાના માંગણાના નિવેદનના કથનને સમર્થનરુપ સોગંદ ઉપરનો પુરાવો રજુ કરેલ છે. પરંતુ બીજા પક્ષકારની ઉલટતપાસ કરવા પ્રથમ પક્ષકાર હાજર રહેતા ન હોઈ આંક–૧૧ થી પ્રથમ પક્ષકારનો ઉલટતપાસનો હક બંધ કરવામાં આવેલ છે. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થા જાણીજોઈને કોઈ અગમ્ય કારણોસર અત્રેની અદાલતમાં હાજર થયેલ નથી કે હાજર થવાનું ટાળેલ છે તેમજ બીજા પક્ષકાર કામદારના કોઈ કથનને પડકારેલ નથી અને પ્રથમ પક્ષકારનાએ અદાલતની નોટીસ ધ્યાને નહી લઈ ખુબ જ બેદરકાર અને નિષ્ક્રિય રહેલા છે. બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકારનાએ, બીજા પક્ષકાર કામદારની કોઈ રજુઆત ધ્યાને લીધેલ નથી અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી વિના ઔધ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ)ની જોગવાઈનું પાલન કર્યા વગર એકતરફી અને અન્યાયી રીતે તા.૨૭–૦૯–૨૦૨૨ ના રોજથી છુટા કરેલ છે. હાલના કામે એ હકીકત સ્પષ્ટ છે કે, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે બીજા પક્ષકાર તેમના કામદાર ન હોય અને તેમની સંસ્થામાં કામ કરેલ ન હોય બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ ન હોવાની તકરાર લીધેલ નથી જેથી તે તમામ હકીકતો અનચેલેન્જડ હોય અને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી કોઈપણ પુરાવા રજુ કરવામાં આવેલ નથી જેથી બીજા પક્ષકારના કથનોને ન માનવાને કોઈ કારણ નથી. આ સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનુ વિરુધ્ધના અનુમાનથી માનવાને કારણ રહે છે. જો સંસ્થા કે માલીક કામદારને કામે રાખવા માંગતી ન હોય તો તેઓએ કલમ ૨૫(એફ) નું પાલન કરવું જોઈએ અને તેનુ પાલન કર્યા સિવાય કે ખાતાકીય તપાસ કર્યા સિવાય કામદારને નોકરીમાંથી છુટા કરી શકાય નહી. હાલના કેસમાં પ્રથમ પક્ષકારનાએ કોઈપણ જાતના કારણ વગર કિન્નાખોરી રાખી બીજા પક્ષકારને તા.૨૭–૦૯–૨૦૨૨ ના રોજ નોકરીમાંથી છુટા કરી દીધેલ છે અને છુટા કરતી સમયે પ્રથમ પક્ષકારનાએ કલમ ૨૫–એફ નુ પાલન કરેલ નથી જેથી સંસ્થાનું વર્તન, વલણ અને ઈરાદાપુર્વકની ગેરહાજરીના કારણે વિરુધ્ધના અનુમાનથી માનવામાં આવે છે કે, સંસ્થાએ કામદારને તા.૨૭–૦૯–૨૦૨૨ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે તેવું ન્યાયના હિતમાં તારણ થાય છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ :–</u>**

(૮) ઉપરોકત મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું અને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર ધ્વારા ઔધ્યોગિક તકરાર અધિનિયમની કલમ–૨૫(એફ) ની

જોગવાઈની કાર્યવાહી અનુસર્યા વગર છુટા કરેલ હોય જે ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા નોકરીમાં પુન:સ્થાપિત કરવા અંગેનો નિર્ણય કોર્ટે કરવાનો રહે છે. બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ હોવાનુ ઠરાવવા માત્રથી તેઓ પડેલા દિવસોનો પુરેપુરો પગાર આપોઆપ મેળવવા હકદાર થતા નથી. તે અંગેનો નિર્ણય કરતા સમયે કોર્ટે કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં જે નોકરી કરેલ છે તે નોકરીનો પ્રકાર, નોકરીની લંબાઈ, જે પ્રકારની નોકરી કરતા હતા તેવી નોકરી મળવાની શકયતા તથા બીજા પક્ષકારને છુટા કરવામાં આવ્યા ત્યારબાદ તેઓએ અન્ય જગ્યાએ નોકરી કરી આર્થિક નાણાકીય લાભ મેળવેલ છે કે કેમ તથા પ્રથમ પક્ષકાર સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અને આર્થિક બોજો વિગેરે તમામ હકીકતો ધ્યાને લઈ પડેલા દિવસોના પગાર અંગે અદાલતે નિર્ણય કરવાનો હોય છે તથા બીજા પક્ષકારે કામ મેળવવા પુરતા પ્રયત્નો કરેલ હોવા છતાં કોઈ કામ મળેલ ન હોય તેવુ પુરવાર કરેલ હોવુ જોઈએ. સદર કામે બીજા પક્ષકારે ''નોકરી મેળવવા પ્રયત્ન કરવા છતાં નોકરી મળેલ નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી કાઢી મુકયા બાદ તેઓ બેકાર છે અને નોકરી શોધવા પ્રયત્ન કરવા છતાં નોકરી મળેલ નથી તે સાબીત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. આ સંજોગોમાં પડેલા દિવસોના પગાર અંગે હુકમ કરતા પહેલા બીજા પક્ષકારે નોકરી મેળવવા કરેલ પ્રયત્નો, નોકરીનો સમયગાળો, જે પ્રકારની નોકરી કરતા હતા તેવી નોકરી મળવાની શકયતા તથા નોકરીનો અનુભવ અને છુટા કર્યા બાદ તેઓએ અન્ય જગ્યાએ નોકરી કરી આર્થિક નાણાકીય લાભ મેળવેલ છે કે કેમ તે તમામ હકીકતો ધ્યાને લેવી જોઈએ પરંતુ હાલના કેસમાં બીજા પક્ષકારે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોય તેવા કોઈ પુરાવા રેકર્ડ પર રજુ કરેલ ન હોય તે સંજોગોમાં આટલા વર્ષો સુધી અને કારમી મોંઘવારીમાં કોઈપણ વ્યકિત કોઈપણ કામકાજ કે નોકરી વગર સંપુર્ણ બેસી રહેલા હોય તે માની શકાય તેમ નથી. માલીક સંસ્થાએ કામદારને નોકરીમાંથી કાઢી મુકયો હોય અને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫–એફ નો ભંગ થયેલ હોય તો તેવા દરેક કિસ્સામાં કામદારને પુન:સ્થાપિત કરવા જ જોઈએ તેવુ જરુરી નથી. પરંતુ આ નિર્ણય કરતાં સમયે કોર્ટે તે સંસ્થા કે તેના ઉત્પાદનનુ કામકાજ ચાલુ છે કે કેમ, કામદારની નોકરીનો સમયગાળો, કામનું સ્વરુપ, નોકરી મળવાની શકયતા જેવા અનેક પરીબળો ધ્યાને લેવા જોઈએ અને જયારે કામદારને પુન:સ્થાપિત કરી શકાય તેમ ન હોય તો યોગ્ય રકમનું વળતર ચુકવવાનો પણ હુકમ કરી શકાય છે તેવું નામદાર સુપ્રીમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટના ઘણા ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે. આમ, આ તમામ સંજોગો ધ્યાને લેતાં જો ૨૦% પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તો બં

ને પક્ષે ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, તેવું હું માનું છું. જેથી મુદ્દા નં.ર નો નિર્ણય અંશત: હકારમાં આપી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**:: હુકમ ::**

**૧.** બીજા પક્ષકારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨.** બીજા પક્ષકારને તા.ર૭–૦૯–ર૦રર ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકવાનુ પ્રથમ પક્ષકાર સંસ્થાનું પગલું ગેરકાયદેસર હોવાનું આથી ઠરાવવામાં આવે છે અને પ્રથમ પક્ષકાર સંસ્થાને આદેશ કરવામાં આવે છે કે, આ હુકમ મળ્યેથી દિન.૩૦ માં બીજા પક્ષકારને તેઓ અગાઉ જે કામગીરી કરતાં હતા તે મુળ જગ્યાએ નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી ર૦% પડેલા દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત કરવા.

**૩.** પ્રથમ પક્ષકાર નાએ બીજા પક્ષકારને ખર્ચના રૂા. ર,૦૦૦/– અલગથી ચુકવી આપવા.

**૪.** એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પઘ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩ર મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ.
તા. ર૯–૦૪–ર૦ર૪

( કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)
CODE-GJ00966
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.ર, અમદાવાદ.